# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસી ખાતેથી કિસાન સન્માન નિધિ અંતર્ગત વીસમો હપ્તો છૂટો કરશે

2) પ્રધાનમંત્રી આજે વારાણસી ખાતે બે હજાર 200 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે

3) રેલવે મંત્રાલય દેશભરના 73 ભીડભાડવાળા મુખ્ય રેલ્વે સ્ટેશનો પર સ્ટેશન નિદેશક તૈનાત કરશે

4) ભારતીય દૂતાવાસે આયર્લેન્ડમાં ભારતીય નાગરિકો પર થઈ રહેલા હુમલાઓ અંગે માર્ગદર્શિકા જારી કરી

5) મકાઉ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની પુરુષ સિંગલ્સની સેમિફાઇનલમાં આજે ભારતના લક્ષ્ય સેન અને થરૂન માનેપાલી પોતપોતાની મેચ રમશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. PM-KISAN INSTALLMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસી ખાતેથી કિસાન સન્માન નિધિ અંતર્ગત વીસમો હપ્તો છૂટો કરશે. શ્રી મોદી આજે તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીની મુલાકાત લેશે અને લગભગ બે હજાર 200 કરોડ રૂપિયાના 52 વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે શ્રી મોદી એક જાહેરસભાને પણ સંબોધિત કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

(બાઇટ – ઓમ અવસ્થી)

# MORN. RS RAIL

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે 73 ભીડભાડવાળા મુખ્ય રેલ્વે સ્ટેશનો પર સ્ટેશન નિદેશક તૈનાત કરવામાં આવશે, જેઓ તહેવારો દરમિયાન સ્ટેશનો પર ભીડ ઘટાડવા માટે તાત્કાલિક નિર્ણયો લઈ શકશે.

ગઈકાલે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે રેલવે સ્ટેશનોની બહાર કાયમી હોલ્ડિંગ એરિયા અને પહોળા ફૂટઓવર બ્રિજ બનાવીને ભીડ વ્યવસ્થાપનમાં સુધારો કરાશે. તેમણે કહ્યું કે પાંચ સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવવાનો પાયલોટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. મુખ્ય સ્ટેશનો પર સીસીટીવી સર્વેલન્સ, વોકી-ટોકી જાહેરાત સિસ્ટમ અને વોર રૂમ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ફક્ત કન્ફર્મ ટિકિટ ધારકોને જ પ્લેટફોર્મ પર

જવાની મંજૂરી આપવામાં આવશે. ટિકિટ વગરના અને વેઇટલિસ્ટેડ મુસાફરોએ ટ્રેન આવે ત્યાં સુધી બહાર વેઇટિંગ રૂમમાં રાહ જોવી પડશે.

# LS-INDIAN OCEAN REGION

વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું છે કે હિંદ મહાસાગર ક્ષેત્રની આસપાસના દેશો સાથે ભારતના મજબૂત રાજકીય સંબંધો છે અને તેમની સાથે વેપાર અને રોકાણ સંબંધો વધારવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે આ દેશો સાથે વિકાસ યોજનાઓ અને માળખાગત સહકાર પ્રગતિમાં છે અને તમામ ક્ષેત્રોમાં વ્યાપક સહયોગ ચાલુ છે.

ગઈકાલે લોકસભામાં એક લેખિત જવાબમાં શ્રી સિંહે કહ્યું કે સરકાર હિંદ મહાસાગર ક્ષેત્રમાં દેશની સુરક્ષા અને આર્થિક હિતોને અસર કરતા તમામ વિકાસ પર ચાંપતી નજર રાખી રહી છે અને ભારતના હિતોનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં લઈ રહી છે.

શ્રી સિંહે કહ્યું કે આ દેશો સાથે ભારતના સંબંધો વ્યાપક અને લાંબા ગાળાના છે, જે તેમની પોતાની યોગ્યતા પર આધારિત છે અને તેઓ કોઈપણ ત્રીજા દેશ સાથે તેમના સંબંધો જાળવવા માટે સ્વતંત્ર છે. તેમણે કહ્યું કે શ્રીલંકા, માલદીવ અને મોરેશિયસ જેવા દેશો ભારતની પાડોશી પ્રથમ નીતિ અને તમામ ક્ષેત્રો - મહાસાગરમાં સુરક્ષા અને વિકાસ માટે પરસ્પર અને સર્વાંગી પ્રગતિના દ્રષ્ટિકોણમાં અગ્રણી સ્થાન ધરાવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN. MEA IRELAND

ભારતીય દૂતાવાસે આયર્લૅન્ડમાં તાજેતરમાં ભારતીય નાગરિકો પર હુમલાઓમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા જારી કરી છે. ડબલિન સ્થિત ભારતીય દૂતાવાસે આયર્લૅન્ડમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને વ્યક્તિગત સલામતી માટે યોગ્ય સાવચેતી રાખવા અને નિર્જન વિસ્તારોમાં જવાનું ટાળવાની સલાહ આપી છે. આ સંદર્ભમાં દૂતાવાસ આયર્લૅન્ડના સંબંધિત અધિકારીઓ સાથે સંપર્કમાં છે.

# PAKISTAN- TRAIN DERAIL

પાકિસ્તાનમાં લાહોર નજીક એક ટ્રેનના ઘણા ડબ્બા પાટા પરથી ઉતરી જતાં 30 મુસાફરો ઘાયલ થયા હતા. પાકિસ્તાન રેલવેના જણાવ્યા અનુસાર લાહોરથી રાવલપિંડી જઈ રહેલી ઈસ્લામાબાદ એક્સપ્રેસના 10 ડબ્બા ગઈકાલે સાંજે શેખુપુરાના કાલા શાહ કાકૂ ખાતે પાટા પરથી ઉતરી ગયા હતા. બચાવ કામગીરી ચાલી રહી છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. અરુણાચલ પ્રદેશ અને બિહારમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી પણ કરી છે. છત્તીસગઢ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કેરળ, માહે, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં આગામી બે દિવસ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી છે.

ઉપરાંત આંધ્રપ્રદેશ, કેરળ, માહે, લક્ષદ્વીપ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં અલગ અલગ સ્થળોએ ભારે પવન ફૂંકાશે.

# MACAU OPEN

મકાઉ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની પુરુષ સિંગલ્સની સેમિફાઇનલમાં આજે ભારતના લક્ષ્ય સેનનો સામનો પાંચમા ક્રમાંકિત ઇન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે થશે. બીજી સેમિફાઇનલ મેચમાં ભારતના થરૂન માનેપાલી અને મલેશિયાના જસ્ટિન હોહ એકબીજા સામે ટકરાશે.

મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં ડેનમાર્કની લાઇન ક્રિસ્ટોફરસનનો સામનો જાપાનની રેઇકો ગુંજી સામે થશે જ્યારે ચીનની યુ ફેઇ ચેનનો સામનો ચીની તાઈ પેઈની હ્સિયાંગ ટી લિન સામે થશે. દરમિયાન ભારતના સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીનો પુરુષોના ડબલ્સના ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાના ચુંગ હોન જિયાન અને મુહમ્મદ હૈકલ જોડી સામે પરાજય થયો.

# CRICKET- IND-ENG TEST

લંડનના ઓવલ ખાતે ઇંગ્લેન્ડ સામેની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારત પોતાના બીજા દાવમાં બે વિકેટે 75 રનના સ્કોરથી આગળ રમશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

ગઈકાલની રમતના અંતે યશસ્વી જયસ્વાલ 51 રન અને આકાશ દીપ 4 રન સાથે રમતમાં છે. કેએલ રાહુલ 7 રન અને સાઈ સુદર્શન 11 રન બનાવીને

આઉટ થયા હતા. ઇંગ્લેન્ડ તરફથી ગુસ એટકિન્સન અને જોસ ટોંગે એક-એક વિકેટ લીધી હતી.

અગાઉ ઇંગ્લેન્ડનો પ્રથમ દાવ 247 રન પર સમાપ્ત થયો. તેને ભારત પર 23 રનની લીડ મળી. ભારતે પ્રથમ દાવમાં 224 રન બનાવ્યા હતા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના તમામ અખબારોએ અમેરીકાએ ભારત પર લગાવેલ ટેરીફને સાત દિવસ મોકુફ રાખવાના સમાચારને મુખ્ય સમાચારોમાં લીધુ છે.

2) સંદેશ અખબારની હેડલાઈન છે- ભારત પર ટ્રમ્પનો 25 ટકા ટેરિફ 7 દિવસ મોકુફ

3) દિવ્ય ભાસ્કર લખે છે ભારત પર ટ્રમ્પ ટેરિફ 7મીથી લાગુ થશે ચીનને મુદત, પાકિસ્તાનને રાહત મળી....

4) રાજસ્થાન પત્રિકાનુ મુખ્ય શિર્ષક છે ભારત કે મુકાબલે જ્યાદા ઝટકે ઝેલેગા અમરીકા...

5) દિવ્ય ભાસ્કર પહેલા પાના પર લખે છે નર્મદા ડેમના 15 દરવાજા 3.80 મીટરની સપાટીથી ખોલાયા, ત્રણ જિલ્લામાં એલર્ટ.....

6) અમારી પાસે એટમ બોમ્બ, ફૂટશે તો ચૂંટણી પંચ નહીં બચે- રાહુલ ગાંધી.. આ સમાચાર ફૂલછાબે પહેલા પાના પર લીધા છે...

7) ઈડિની અનિલ અંબાણી સામે લુક આઉટ નોટિસ જારી, 5 ઓગસ્ટે તેડું- નવગુજરાત સમય

8) આ સાથે તમામ અખબારોએ છાપેલા બીજા મહત્વના સમાચાર પર નજર કરીએ તો...હાર્દિક પટેલને ફરી સાંભર્યુ આંદોલન-સીએમને લખ્યો પત્ર.....ગુજરાત ભાજપના નવા અધ્યક્ષની એક સપ્તાહમાં જાહેરાતની શક્યતા...3 વર્ષમાં 47 હજાર 896 વિદ્યાર્થીઓએ સરકારી પ્રી પ્રાઈમરી સ્કુલોમાં એડમિશન મેળવ્યું..નવી મેડિકલ કોલેજ- બેઠક મંજૂર કરવા **NMC** નો નિર્ણય, રાજ્યમાં 350 જેટલી બેઠક વધી શકે...